જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૭/૨૦૧૭ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૩૬૫/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૮ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૨૩૫ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૮ બિયર ટીન અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૭,૯૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૬૬/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૩૬૭/૧૭

**ઓઢવઃ શેષારામ ઉર્ફે સુરેશ મગાજી ચૌધરી (રહે. હરેકૃષ્ણા સોસાયટી સ્મશાન રોડ ઓઢવ)** એ **ઓઢવ** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૨/૭/૧૭ રાતના ૧૦/૦૦ થી તા.૩/૭/૧૭ કલાક ૪/૩૦ વાગ્યા દરમ્યાન **ઓઢવ વું દાવન પાર્ક સોસાયટીના નાકે આવેલ દુકાન.નં.૨, દુકાન.નં.૧/૩ અને ૧/૪** ના શટર ઉંચા કરી અજાણી વ્યક્તિ ત્રણેય દુકાનો માંથી રોકડ રૂપિયા ૪૫,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ **પો.સ.ઈ.શ્રી વી.એન.ચૌધરી** ચલાવે છે.

ચોરીઃ- સમાચાર યાદી નં.૧૩૬૮/૧૭

**નારણપુરાઃ** રમેશભાઈ છગનભાઈ પરમાર (ઉ.વ.૫૭) (રહે. બળદેવનગર સોસાયટી વિક્રમમીલ પાછળ બાપુનગર) તા.૩/૭/૧૭ બપોરના ૩/૧૫ વાગ્યાના સુમારે નારણપુરા ખોડીયાર માતાના મંદિર નજીકથી ઈન્કમટેક્ષ જવા માટે શટલ ઓટોરિક્ષામાં બેઠા હતા ત્યારે રિક્ષામાં બેઠેલ અજાણ્યા બે પુરૂષોએ રમેશભાઈની નજર ચુકવી રમેશભાઈના પાકીટમાંથી રોકડ રૂપિયા ૯૯,૭૦૮/- ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ રમેશભાઈ પરમારે નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો શ્રી અનીલકુમાર રામઆશરે ચલાવે છે.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૧૩૬૯/૧૭

**મણીનગરઃ** ભરતકુમાર હિરાલાલ લોહિયા (ઉ.વ.૪૧) (રહે. કશ્યપ એપાર્ટમેન્ટ ભૈરવનાથ ચાર રસ્તા મણિનગર) તા.૩/૭/૧૭ કલાક ૫/૩૦ વાગ્યાના સુમારે ભૈરવનાથ રોડ પ્રાણશંકર હોલ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ **(૨૫ થી ૩૦ વર્ષના આશરાના)** બે પુરૂષ ભરતકુમારના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૮૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ભરતકુમાર લોહીયાએ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ **પો.સ.ઈ.શ્રી વી.એન.પરમાર** ચલાવે છે.

વાહન ચોરીઃ- સમાચાર યાદી નં.૧૩૭૦/૧૭

**શાહીબાગઃ** મહેશભાઇ નાનુભાઇ ભરવાડ (રહે. ભરતકુમારની ચાલી ડફનાળા ચાર રસ્તા શાહીબાગ) એ તા.૧/૭/૧૭ કલાક ૦૦/૪૫ વાગે શાહીબાગ ડફનાળા નજીક પોતાની ફોર વ્હીલ ગાડી નંબર જીજે૧૮ એએક્સ ૧૯૯૩ કિમત રૂપિયા ૩,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સવારના ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ મહેશભાઈ ભરવાડે તા.૩/૭/૧૭ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી એમ.એ.પટેલ ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ સમાચાર યાદી નં.૧૩૭૧/૧૭

**માધવપુરાઃ** રાજેશભાઈ ધીરજલાલ મિસ્ત્રી (ઉ.વ.૫૫) (રહે. કેમ્પ સદર બજાર કેન્ટોમેન્ટ કેમ્પ સદર બજાર શાહીબાગ) એ તા.૩/૭/૧૭ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૬/૧૭ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે રાજેશભાઈના પિતા ધીરજલાલ જીવણલાલ મિસ્ત્રી (ઉ.વ.૮૦) (રહે. મીરજાપુર રાણી રૂપમતી મસ્જીદ) **દિલ્હી દરવાજા ફટાકડા બજાર** નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા મોટર સાયકલ ચાલકે મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા ધીરજલાલને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩/૭/૧૭ કલાક ૧/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુઆ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી ફતેસિંહ આદિયાભાઈ ચલાવે છે.

**“જે” ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** ગૌતમભાઈ ગોરધનદાસ મહેશ્વરી (ઉવ.૬૦) (રહે.ગોકુલનગર સોસાયટી મહી કેનાલ રોડ ગામ તારાપુર જીલ્લો આણંદ) એ તા.૩/૭/૧૭ નારોજ જે ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૬/૧૭ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે ગૌતમભાઈ મહેશ્વરીનો ભત્રીજો વિનોદકુમાર જવાહરલાલ મહેશ્વરી (ઉ.વ.૩૨) (રહે.કર્ણાવતી એપાર્ટમેન્ટ વિભાગ-૨ નારોલ) નારોલ લાભા ટર્નિંગ સામેથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યો હતો ત્યારે અજાણ્યા છોટા હાથી વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મોટર સાયકલને ટક્કર મારતા વિનોદકુમારને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે એમ્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તા.૩/૭/૧૭ બપોરના ૩/૦૦ વાગે તેનું મૃત્યુ નિપજયું હતુઆ ગુનાની તપાસ ઈન્ચાર્જ પો.ઈ.શ્રી એમ.એન.પંડ્યા ચલાવે છે.

આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૩૭૨/૧૭

**ઇસનપુરઃ** ખુશ્બુબ્હેન વા/ઓફ સંજયભાઈ ચુનારા (ઉ.વ.૧૮) (રહે. ભૈરવનાથ પાર્ક સોસાયટી ભૈરવનાથ રોડ ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૨/૭/૧૭ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે મકાનના છતની લાકડાની વળી સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઈસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી “જે” ડીવીજન ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.